Seat No. : _______________

# DC-108

**December-2020**

**B.A., Sem.-V**

**CC-302 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો :

1. ભાષાની વિવિધ વ્યાખ્યાઓ આપી, ભાષાના મુખ્ય લક્ષણોનો પરિચય કરાવો. **14**

2. (1) ભાષાના વિવિધ ઉપયોગો **7**

   (2) ભાષાના સામાજિક, સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપભેદો **7**

3. ભાષા વ્યવસ્થાના વિવિધ સ્તરો–ધ્વનિઘટક, પદ, વાક્ય અને ઉક્તિ વિશે વિગતે સમજાવો. **14**

4. (1) ગુજરાતી ભાષાના સ્પર્શ વ્યંજનો **7**

   (2) ગુજરાતી ભાષાની પાર્શ્વિક, પ્રકંપી અને સંઘર્ષી ધ્વનિઓ. **7**

5. ઉચ્ચારણગત, વ્યાકરણગત અને શબ્દભંડોળગત લાક્ષણિકતાઓને આધારે ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી **અથવા** દક્ષિણ ગુજરાતની સુરતી બોલીનો પરિચય કરાવો. **14**

6. (1) માન્ય ભાષા અને બોલી વચ્ચેનો ભેદ **7**

   (2) મધ્ય ગુજરાતની ચરોતરી બોલીની શબ્દભંડોળગત લાક્ષણિકતાઓ. **7**

7. ભારતીય આર્ય ભાષાની વિકાસરેખાના ત્રણ તબક્કાઓનો પરિચય કરાવો. **14**

8. (1) ભારતનાં ભાષાકુળો **7**

   (2) સંયુક્ત વ્યંજનનો લોપ અને પૂર્વસ્વર દીર્ઘત્વ **7**

## વિભાગ – II
### (આ વિભાગ ફરજિયાત છે.)

9. નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ **8 (આઠ)**ના યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો : **8**

(1) યુવાનો અને કૉલેજના વિદ્યાર્થીઓ મજાક-મશ્કરી માટે જે ભાષાના શબ્દપ્રયોગો વાપરે છે તેને ભાષાશાસ્ત્રમાં શું કહે છે ?

(a) નિષિદ્ધ (ટેબૂ) (b) ઉપશિષ્ટ (સ્લૅન્ગ)
(c) ગુપ્ત બોલી (d) આમાંથી એકેય નહિ

(2) પ્રાણીઓના ધ્વનિસંકેતો અભિવ્યંજનાત્મક છે, જ્યારે માનવભાષાના ધ્વનિ સંકેતો ______ છે.

(a) ચિત્રાત્મક (b) દશ્યાત્મક (c) યાદચ્છિક (d) આમાંથી એકેય નહિ

(3) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(a) ભાષા માનવીને ઈશ્વરદત્ત જન્મથી વારસામાં મળી નથી, માનવસમાજે તે સર્જી છે.
(b) ભાષા એ આનુવંશિક સંસ્કાર નથી, સ્વપ્રયત્નથી શીખવી પડે છે.
(c) ભાષાને લિપિબદ્ધ કરી શકાય છે તેથી ભાષાઓના સંદેશાઓ સાચવી શકાય છે.
(d) ભાષા પરિવર્તનશીલ નથી.

(4) માનવ વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવાનું સૌથી અસરકારક માધ્યમ કયું છે ?

(a) ભાષાઓ (b) ચેષ્ટાઓ (c) ચિત્રો (d) આમાંથી એકેય નહિ

(5) નીચેના પૈકી કયું અવયવ ઉચ્ચારણ પ્રક્રિયામાં ભાગ લેતું નથી ?

(a) જીભ (b) પડજીભ (c) પેટ (d) નાદતંત્રીઓ

(6) ડૉ. પ્રબોધ પંડિતે ગુજરાતી ભાષાના સ્વરોની ચર્ચા કરતાં કેટલા માન્ય સ્વર ગણાવ્યા છે ?

(a) 8 (b) 12 (c) 13 (d) 10

(7) ગુજરાતી ભાષાના અર્ધસ્વરો કે અર્ધવ્યંજનો કયા છે ?

(a) સ, શ (b) ર, લ (c) ય, વ (d) આમાંથી એકેય નહિ

(8) હવા જ્યારે મુખપથ ઉપરાંત નાસિકાપથમાંથી પણ પસાર થાય ત્યારે નિર્માતા ધ્વનિને શું કહે છે ?

(a) પ્રકંપી (b) પાર્શ્વિક (c) સંઘર્ષી (d) આમાંથી એકેય નહિ

(9) ખેડા, આણંદ, વડોદરા, મહિસાગર, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ જિલ્લામાં કઈ બોલી બોલાય છે ?

(a) પટ્ટણી (b) ચરોતરી (c) સુરતી (d) સોરઠી

(10) ગુજરાતની કઈ બોલીમાં બહુવચનમાં 'ઓ' પ્રત્યયને સ્થાને 'ઉં' પ્રત્યય લગાડવાનું વલણ જોવા મળે છે ?

(a) ચરોતરી (b) સુરતી (c) સૌરાષ્ટ્રી (d) આમાંથી એકેય નહિ

(11) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનની અદલાબદલી ચરોતરી બોલીની લાક્ષણિકતા છે.

(b) પટ્ટણી બોલીમાં આફ્રિકાની સ્વાહિલી ભાષાના શબ્દો મળી આવે છે.

(c) કાઠિયાવાડી બોલીમાં અનુસ્વારનું વધુ પડતું મહત્ત્વ છે.

(d) સુરતી બોલીમાં પંચમી વિભક્તિના 'થી' પ્રત્યયને બદલે 'હિ' પ્રત્યય પ્રયોજાય છે.

(12) નીચેનામાંથી કયા શબ્દો ઉત્તર ગુજરાતની, પટ્ટણી બોલીના છે ?

(a) ઢેખાળો, જેમણાં, બૂંહલું, ગમ (b) મૌર્ય, અટાણે, બરકવું, ગગો

(c) એવણ, તીવારે, કરહાટો, પોયરો (d) આમાંથી એકેય નહિ

(13) પ્રાચીન ગુજરાતી ભાષાને ઉમાશંકર જોશી કયા નામથી ઓળખાવે છે ?

(a) અપભ્રંશ (b) જૂની ગુજરાતી (c) મારુ-ગુર્જર (d) આમાંથી એકેય નહિ

(14) તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ કયા કુળની ભાષાઓ છે ?

(a) દ્રવિડી (b) ચીની-તિબેટી (c) ભારતીય આર્ય (d) આમાંથી એકેય નહિ

(15) નીચેનામાંથી કયો તબક્કો ભારતીય આર્યભાષાના વિકાસનો નથી ?

(a) પ્રાચીન ભારતીય આર્ય (b) મધ્યમ ભારતીય આર્ય

(c) અર્વાચીન ભારતીય આર્ય (d) અંતિમ ભારતીય આર્ય

(16) सागर: – સાયરમાં કયો વ્યંજન લુપ્ત થયો છે ?

(a) 'સ' નો લોપ (b) 'ગ' નો લોપ (c) 'ર' નો લોપ (d) 'ય' નો લોપ

---